# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-07-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG)

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# FERTILIZER RAGHVAJI PATEL

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે , રાજ્યમાં ખાતરની અછત નથી અને ખેડૂતોને ખાતર મળી રહે તે માટે પુરતું આયોજન કરવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં પશુપાલન વિભાગના વિવિધ પ્રોજેક્ટનાં લોકાર્પણ અને પશુ સારવાર અંગેના સેમિનારમાં શ્રી પટેલે ખાતરની અછત અંગેનાં પ્રશ્નનાં જવાબમાં આ મુજબ જણાવ્યું.

**(BYTE RAGHAVJI PATEL)**

પશુઓમાં થતા લંપી રોગ અંગે શ્રી પટેલે જણાવ્યું કે , રાજ્યમાં ૮ જિલ્લામાં લમ્પી વાયરસસનાં 300 કેસ સામે આવ્યા હતા , જેમાંથી 8 પશુનાં મૃત્યુ થયા છે અને 25 પશુઓ રોગમુક્ત થઈ ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે , પશુપાલન વિભાગે લંપી રોગ અટકાવવા રસીકરણ અભિયાન શરૂ કર્યું છે.

દરમ્યાન, તાપી જીલ્લાના વ્યારા , સોનગઢ , વાલોડ , ઉચ્છલ , ડોલવણ તાલુકામાં **26** ગૌવંશમાં લંપી વાયરસના લક્ષણ દેખાતા પશુપાલન વિભાગે રસીકર ણની પ્રક્રિયા હાથ ધરી છે.

# CM REVIEW MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના સાત વિભાગોના કુલ **1** લાખ **74** હજાર કરોડ રૂપિયાની **32** યોજનાઓમાં થયેલી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ ખેડૂતોને મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં જમીન સંપાદનનું વળતર 15 ઓગસ્ટ સુધી ચૂકવવાનાં દિશાનિર્દેશો આપ્યા હતા.
બેઠકમાં લોથલ ખાતે નિર્માણાધીન નેશનલ મેરિટમ હેરિટેજ કોમ્પ્લેક્સની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે , રાજ્ય સરકારે 400 એકર જમીન ફાળવણી , પાણી પુરવઠાની પાઇપલાઇન, વીજ પુરવઠાની ટ્રાન્સમિશન લાઈન અને સરગવાડાથી પ્રોજેક્ટ સાઈટ સુધીનો રસ્તો ચાર-માર્ગીય કરવાની કાર્યવાહી પૂર્ણ કરી છે.

## VRUNDAVAN GAUCHAR - VADNAGAR

રાજ્ય સરકાર દ્વારા વડનગરના અમરથોલ નજીક 15 કરોડ રૂપિયાના ખર્ચે 4 હેક્ટર જમીનમાં વૃંદાવન ગૌચર બનાવવામાં આવશે. જેમાં 1 હજાર જેટલી ગાયોનો નિભાવ કરી ઘી તેમજ દૂધનું વેચાણ કરવાની યોજના છે.
આ ગૌચરને કારણે રખડતા પશુઓને ઘાસચારા , પીવાના પાણીની સ ગવડ તેમજ દવાખાનાની સુવિધા મળી રહેશે.

## JAMNAGAR STHAPNA DIVAS

સૌરાષ્ટ્રનું પેરિસ અને બ્રાસ સીટી તરીકે જાણીતા જામનગરનો આજે 486મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે જામનગર મહાનગરપાલિકા સહિતની સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જામનગરના સ્થાપનાકાળ સમયે ખોળવામાં આવેલી ખાંભીનું પૂજન તેમજ રાજવીઓની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય રિવાબા જાડેજાએ નગરજનોને શુભેચ્છા આપતા આ મુજબ જણાવ્યુ:

**(BYTE RIVABA JEDEJA)**

# NARMADA DAM GATE

રાજયમાં વરસાદનું જોર ઘટી રહ્યું છે, આજે રાજયના 25 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે. રાજયમાં અત્યાર સુધી મોસમનો 63 ટકા વરસાદ પડ્યો છે, 25 તાલુકામાં 25 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ઉપરવાસમાં પડી રહેલા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી આજે બંધનાં પાંચ દરવાજા બે મીટર ખોલવામાં આવ્યા છે.

આને કારણે 50 હજાર કયુસેક પાણી વહેવાનાં અંદાજથી બંધનાં નીચાણવાળા વિસ્તારોમાં કોઈ દુર્ઘટના ન થાય તે માટે સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત , વડોદરા જિલ્લાના નીચાણવાળા વિસ્તારોના ગામોમાં લોકોને પણ સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

# BHARUCH AIR STRIP

ભરૂચના અંકલેશ્વરમાં રાજ્યનો પાંચમો સૌથી લાંબો રન-વે તૈયાર  થઈ રહ્યો છે. અંકલેશ્વર અમરતપુરા એર સ્ટ્રીપના પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થઇ છે.  2 હજાર 200 મીટરના રન-વે પર 180 બેઠકોની ક્ષમતા ધરાવતું વિમાન પણ ઉડ્ડયન અને ઉતરાણ કરી શકશે.

પ્રથમ તબક્કામાં કાર્ગો વિમાન ઉડાન ભરશે. પ્રથમ તબક્કામાં એરસ્ટ્રીપ અંદાજે 90 કરોડના ખર્ચે પ્રોજેક્ટ પૂર્ણ થયો છે. હવે બીજા તબક્કામાં એર રીપેરીંગ સેન્ટર, હેન્ગર તેમજ એર સુવિધા લગતી અન્ય કામગીરી શરુ થશે.

# DWARKA DEMOLITION

દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં દબાણો હટાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા ચાર આરોપીના બિનઅધિકૃત બાંધકામ દૂર કરવામાં આવ્યા. દરમિયાન 770 ચોરસ મીટર જગ્યા ખુલી કરવામાં આવી હતી. આ આરોપીઓ અવારનવાર ભયનું વાતાવરણ ઊભું કરતા હોય તંત્ર દ્વારા ત્રણ દિવસની નોટીસ આપી દબાણ દૂર કરવામાં આવી.